

# સાધુહૃદયની
## પ્રાર્થનાગંગા



**ત્વમેવ** માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વં મમ દેવ દેવ ॥



આ વેદ પ્રાર્થનાનાં ચિંતન ચાલ્યાં
સાહેબજીની મૂર્તિ સંભારી રોજ પ્રાર્થના થાય
આજે પ.પૂ. અશ્વિનદાદાની મૂર્તિ સાંભરી.
આપ સૌની માતા છો ને પિતા છો
સૌનાં જતન તે સંબંધ જાળવી કર્યાં ને કરો છો
સૌને તે મા-બાપનો પ્રેમ આપ્યો છે
મા-બાપ જતન કરે ને શીખ આપે તે આપી - આપો છો
તે શીખ અમે સ્વીકારીએ તેવાં પ્રાર્થનાબળ પૂરો છો.
આપ અમારા બંધુ અને સખા પણ
યોગીબાપાની કૃપાએ સાહેબજી સાથે આપણે જોડાયા
સાહેબજીને ગુરુભાવે આપણે સ્વીકાર્યા ને જીવન જીવતા ગયા
અમ સૌને આપે આપના ભાઈઓ માન્યા
ગુરુદેવ યોગીબાપા ને સાહેબજી અમ સૌ પર રાજી રહે
તેવાં જીવન જીવવામાં આપ અમારા માર્ગદર્શક બન્યા.
આજ્ઞાપાલનમાંથી અનુવૃત્તિ પ્રગટે...
અનુવૃત્તિએ જીવતાં અભિપ્રાયે વર્તન થાય
તે સાધનામાં આપે પ્રેમ આપી, સાધનામાં સાચા મિત્ર બન્યા.
કેવળ પ્રભુ પ્રસન્નતાર્થે કેમ જિવાય ?
સુહૃદભાવે એકતા ને આત્મીયતા કોને કહેવાય ?
ખમવું નમવું ને સાધુતા કેમ થઈ શકે ? રખાય ?
તેવા ગહન આધ્યાત્મિક જીવનની આપે સમજ આપી
કથાવાર્તામાં આપ જે બોલો તે જીવીને દર્શન કરાવ્યું
સાહેબજી મુખ્ય રહે... અન્ય કંઈ જ નહિ
તે વિચાર કેન્દ્રમાં રાખી જીવન જીવતાં શીખવ્યું
આપ અમારા મિત્ર રાહબર બની રહ્યા.

આલોકનું જ્ઞાન અને પરલોકની બ્રહ્મવિદ્યા
બંને આપને આત્મસાત્ હતી તે દર્શન થાય છે
આપણે સાથે રહ્યા ત્યાં અનેક પ્રસંગે દર્શન થાય છે
વિદ્યા લૌકિક બધા વિષયોમાં આપનું જ્ઞાન સમય આવે બતાવો
બ્રહ્મવિદ્યા પણ ગુણાતીતે ભણાવેલી તે આપના જીવનમાં દર્શાય
સમયે સમયે અમને સૌને જે આપે આપના સખા માન્યા તેઓને
જેઓએ આપને પિતા-દાદા-પુત્ર માન્યા તે તમામને
લૌકિક સંબંધોથી ઉપર ઊઠી બ્રહ્મવિદ્યા ભણાવી
આજે આપ તે સંબંધોને જાળવો, દૃઢ કરાવો છો.
તેથી ઉપર દિવ્ય બનાવો ને સાહેબજી રાજી રહે તેમ વર્તાવો
તેથી સૌએ આપને 'ગુરુ'ભાવે સ્વીકાર્યા ને વંદન કરે છે.
આપ 'ગુરુ' છો... આતમ ઉદ્ધારક છો... સાચા સ્વજન છો
આપને જોઈએ તો પ્રભુ પરમના, પ્રત્યક્ષ સાહેબજીના દાસ છો
સંબંધવાળાં સૌ ચૈતન્યો પાસે દાસત્વભાવે વર્તન કરો છો
દાસભાવે જીવન જીવતા રહી તે જ્ઞાને જીવતા કરો છો.
હે દયાળુ ! અશ્વિનભાઈ... અશ્વિનદાદા... ગુરુજી
અમારે 'દાસ તે તો દાસ જ રહે...'
સૌને દાસત્વભાવે વંદન કરતો રહે
સૌની અહોભાવે સેવા કર્યા કરે
બ્રહ્મભાવે સૌને નીરખે ને પ્રેમ કર્યા કરે
સૌને 'સાહેબજી-પ્રત્યક્ષ'ને ચરણે ધરતો રહે
અખંડ બ્રહ્મની મસ્તીએ જીવ્યા કરે
તેવા સાચા સાધુ બનાવો !
આપ 'સાધુરામ' છો
અમે આપનાં બાળકો... સખાઓ... શિષ્યો
સૌની આ પ્રાર્થના સ્વીકારો દયાળુ !



સાધુ શાંતિદાસના જય સ્વામિનારાયણ.
બ્રહ્મજ્યોતિ, ૧૪.૭.૨૦૨૦, પ્રાતઃ પૂજામાં.